૧૨૩૯

**પ્રેસનોટ**

**નવરાત્રી મેળા–૨૦૧૬**

સરકારશ્રીની મહિલાઓના ઉત્થાન માટેની કટિબધ્ધતા ધ્યાને લઈ મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે નવરાત્રી પર્વ નિમિત્તે આ તહેવાર સંબંધિત ચીજ વસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા મહિલા સંગઠનોને વેચાણ માટે સીધે–સીધુ બજાર મળી રહે, તેમજ મહિલાઓના રચાયેલ જુથોને આર્થિક ટેકો મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના વિવિધ ૯ સ્થળોએ કુલ–૪૮ સ્ટોલ મારફતે મહિલા/મહિલા જુથો ધ્વારા ઉત્પાદિત/ વેચાણ થતી નવરાત્રી સંબંધિત ચીજ વસ્તુઓના વેચાણ માટે તા.૨૯/૦૯/'૧૬ થી તા.૦૬/૧૦/'૧૬ સુધી નવરાત્રી મેળા–૨૦૧૬નું આયોજન કરવામાં આવેલ છે. નવરાત્રી મેળા અતંર્ગત પ્રથમ પાંચ દિવસો દરમ્યાન મહિલા જુથો ધ્વારા કુલ રૂા.૧૦,૨૮,૨૭૨/– (અંકે રૂપિયા દસ લાખ અઠાવીસ હજાર બસો બોતેર પુરા)ની ચીજ વસ્તુઓનું વેચાણ કરેલ છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા મહિલા સશકિતકરણને ધ્યાને લઈ કરેલ નવરાત્રી મેળાના આયોજનને શહેરીજનો ધ્વારા ખુબ સારો પ્રતિસાદ મળી રહેલ છે, મહિલા જુથોની આર્થિક પ્રવૃત્તિને વેગ મળે તે માટે 'નવરાત્રી મેળા–૨૦૧૬' અંતર્ગત નીચે જણાવેલ સ્થળોએ રાખવામાં આવેલ સ્ટોલ પરથી નવરાત્રી સંબંધિત વસ્તુઓની ખરીદી કરી મહિલા જુથોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને અપીલ છે.

***–: વિવિધ વિસ્તારમાં આવેલ નવરાત્રી મેળાના સ્થળો :–***

- પ્રાઈમ આર્કેડ, જોગાણીનગર પાસે, અડાજણ, સુરત.
- શાકભાજી માર્કેટ, અમરોલી બ્રીજ, અમરોલી, સુરત
- પારસ શાકભાજી માર્કેટ, પારસ પોલીસ ચોકી પાસે, કતારગામ, સુરત
- શાકભાજી માર્કેટ, કંતારેશ્વર મંદિરની બાજુમાં, કતારગામ, સુરત
- ડો.આબેંડકર ભવનની બાજુમાં શાક માર્કેટ, માનદરવાજા, લિંબાયત,સુરત
- મોર્ડન ટાઉની સામે શાકમાર્કેટ, પરવટ પાટીયા, સુરત
- લાલદરવાજા શાકભાજી માર્કેટની સામે, બ્રીજની નીચે, લાલ દરવાજા, સુરત
- નારી સરંક્ષણ ગૃહ, અંધજન શાળાની સામે ઘોડદોડ રોડ, સુરત
- બરોડા પ્રેસ્ટીજ, વરાછા રોડ, વરાછા, સુરત

૧૨૪૦

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૫/૦૯/૧૬ થી તા.૦૨/૧૦/૧૬ ના રોજ **"સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહ"** દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૨૭/૦૯/૧૬ના રોજ શહેના મુખ્ય ર્માગો જાહેર સ્થળો, બગીચા, સર્કલ,શાક માર્કેટ તેમજ ખાણીપીણીના બજારોની સામુહીક સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ હતું.

જે અંતર્ગત તા.૨૭/૦૯/૧૬ના રોજ ઝોન વિસ્તારમાં આવેલ મુખ્ય ર્માગો જાહેર સ્થળો, બગીચા, સર્કલ, શાક માર્કેટ તેમજ ખાણીપીણીના બજારો પૈકીના નીચે જણાવેલ સ્થળોએ ઘનિષ્ઠ સફાઈ કામગીરી કર્યા બાદ જંતુનાશક પાવડરનો છંટકાવ કરવામાં આવ્યો.

| મુખ્ય માર્ગોની સંખ્યા | જાહેર સ્થળો/બગીચા | સર્કલો | શાક માર્કેટ | ખાણીપીણી ની બજાર | નાગરીકોની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | જતુંનાશક પાવડર કી.ગ્રા | નિકાલ કરેલ કચરો મે.ટન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 33 | 26 | 35 | 18 | 38 | 220 | 108 | 470 | 1252 | 24.145 |

વધુમાં ઉપરોકત સ્થળોની આજુબાજુના રહીસો તથા ઝુંબેશમાં હાજર રહેલ નાગરીકોને સ્વચ્છતા અને આરોગ્યલક્ષી શિક્ષણની સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૪.૧૦.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન (ખાડા) **૩૬૭.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૨** લોકેશન, **૨૦૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**.,** તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩,** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.** ૦/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૨** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૨૩૨** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૫૭.૨૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૫૨.૪૧** લાખ થયેલ છે., ૦૪ EC તથા ૦૩ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩૮૫/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૬૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**., ૧૧** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૩** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૯** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૨૯.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૩૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૫૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦૦૫૫** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૩૨૯૬** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૬૩** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૪૮** કરવામાં આવેલ છે. જયારે **૫૦** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૩,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૨૪૨

# નોર્થ ઝોન

# (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૧/૧૦/૨૦૧૬ થી તા.૦૩/૧૦/૨૦૧૬ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૯૬૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૩૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ, તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૦૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૭૮૯૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૨૦૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૭૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૦૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૧૨૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૫૦૯ કરદાતાઓ પાસેથી રૂા.૫૧,૫૦,૫૬૨/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૯૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૬૬ એન્ટ્રીમાં રૂા.૧,૩૯,૦૧૩/– અને આર.સી.ની ૩૨ એન્ટ્રીમાં રૂા.૧,૬૬,૮૪૯/– મળી કુલ રૂા.૩,૦૫,૮૬૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૮ એન્ટ્રીમાં રૂા.૩૪૦/– રીન્યુઅલની ૧૪ એન્ટ્રીમાં રૂા.૭૮૦/– અને દંડની રકમની ૧૨ એન્ટ્રીમાં રૂા.૩૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

દબાણ ખાતા દ્વારા (૧) "૦" રોડ : ગજેરા સ્કુલ થી અમરોલી પુલ તથા ગજેરા સ્કુલની સામેથી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૬, બંધ લારી–૦૨ તથા અન્ય–૦૪ જપ્ત કરવામાં આવેલ. (૨) અન્ય રોડ : કોસાડ ફાયર સ્ટેશન પાસે સાયણ રોડ, શ્રીરામ ચોકીડી– સાયણ રોડ, અમરોલી ચાર રસ્તા શ્રીરામ ચોકડી, અમરોલી છાપરાભાઠા રોડ, કાંસાનગર થી અમરોલી પુલ તથા કિરણ હોસ્પિટલ વસ્તાદેવડી રોડ થી દબાણ હટાવી ખુલ્લી લારી–૮, બંધ લારી–૦૩, બંધ શેરડી રથ–૦૧ તથા અન્ય–૦૯ જપ્ત કરવામાં આવેલ છે.

૧૨૪૩

# <u>પ્રેસનોટ</u>

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

(૧) સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ ડે.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી(સેન્ટ્રલ ઝોન)નાં સીધા માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં. ૭,તાજ ચેમ્બર્સ, જનતા હોટલ ઈન, સુફીબાગ, સ્ટેશન રોડ ખાતે આવેલ નોંધ નં.૫૧ વાળી મિલ્કતમાં પાંચમાં માળ પર ગેરકાયદેસર પતરાંનો શેડ બાંધતા અત્રેથી તા.૦૯/૦૯/૧૬ થી નોટીસ પાઠવવામાં આવેલ, તેમ છતા મિલ્તદાર દ્વારા તેનો અમલ કરવામાં ન આવતા આજે તા.૦૪/૧૦/૧૬ ના રોજ સુરત મહાનગરપાલિકાના સીકયોરીટી સ્ટાફ, ડેપ્યુટી ઈજનેરશ્રી તથા આસી./જુ.ઈજનેરશ્રીની ઉપસ્થિતિમાં આશરે ૧૦૦૦ ચો.ફૂટ પતરાંનો શેડ, ૧૦૦ ચો.ફૂટ દિવાલ તથા ૪૦૦ ચો.ફૂટ એલ્યુમિનિયમ સેકશનવાળુ પાર્ટીશન અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૪૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

૧૨૪૪

# :: પ્રેસનોટ ::

**સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારના જે રહીશોની આધાર નોંધણી બાકી હોય તો તેમના રહેઠાણ નજીકના કાયમી આધાર કેન્દ્રની માહિતી મળી શકે તે માટે તથા જે રહીશોની આધાર નોંધણી થયેલ હોય અને આધાર કાર્ડ ન મળેલ હોય કે આધારકાર્ડ / રસીદ ખોવાયેલ હોય તો તે અંગેની માહિતી મેળવવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૨૦ ૩૯૯૨ પર અત્યાર સુધી સવારે ૦૮:૦૦ કલાક થી રાત્રે ૧૦:૦૦ કલાક સુધી માહિતી પુરી પાડવામાં આવતી હતી જે હવે પછી સવારે ૧૦:૩૦ કલાક થી સાંજે ૦૬:૦૦ કલાકના સમય દરમ્યાન ઉપરોકત ટોલ ફ્રી નંબર પર ફોન કરી માહિતી મેળવી શકાશે.**

૧૨૪૫

# :: પ્રેસનોટ ::

સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારના જે રહીશોની આધાર નોંધણી બાકી હોય તો તેમના રહેઠાણ નજીકના કાયમી આધાર કેન્દ્રની માહિતી મળી શકે તે માટે તથા  જે રહીશોની આધાર નોંધણી થયેલ હોય અને આધાર કાર્ડ ન મળેલ હોય કે આધારકાર્ડ / રસીદ ખોવાયેલ હોય તો તે અંગેની માહિતી મેળવવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૨૦ ૩૯૯૨ પર અત્યાર સુધી સવારે ૦૮:૦૦ કલાક થી રાત્રે ૧૦:૦૦ કલાક સુધી માહિતી પુરી પાડવામાં આવતી હતી જે હવે પછી સવારે ૧૦:૩૦ કલાક થી સાંજે ૦૬:૦૦ કલાકના  સમય દરમ્યાન ઉપરોક્ત ટોલ ફ્રી નંબર પર ફોન કરી માહિતી મેળવી શકાશે.

## પ્રેસનોટ

### વેસ્ટઝોનમાં સાંજે ચકાસણી દરમ્યાન ગંદકી કરતી સંસ્થા પાસેથી રૂા.૨૧,૨૦૦/– વ.પ.ખર્ચ વસુલ કરેલ

વેસ્ટ ઝોન(રાંદેર)વિસ્તારમાં તા.૪/૯/૧૬ ના રોજ સાંજે ૫:૩૦ ક. થી રાત્રે ૮:૩૦ ક દરમ્યાન રકવાંડ ની કામગીરી કરવામાં આવેલ. જેમાં અડાજણપાટિયા નવયુગ કોલેજ રોડ, કૃષ્ણનગર રોડ, અડાજણગામ એલ.પી.સવાણી રોડ, રંગીલા સર્કલ રોડ, ધનીપાર્ક રોડ, ગંગેશ્વર રોડ, આનંદમહલ રોડ, પ્રાઈમ આર્કેડ રોડ વિસ્તારમાં સાંજે હોટલ, રેસ્ટોરન્ટ, ખાણીપીણીની લારીનું આરોગ્ય વિષયક આકસ્મિક ચેકીંગ કરવામાં આવેલ તેમજ જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો નાંખતી સંસ્થા / દુકાનોનું પણ ડસ્ટબીન ચેક કરવામાં આવેલ. સદર કામગીરી નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ મુખ્ય આરોગ્ય નિરીક્ષક – ૦૨, આરોગ્ય નિરીક્ષક–૦૫, મદદનીશ આરોગ્ય નિરીક્ષક– ૦૬ દ્વારા ૫૭ સંસ્થાઓ ચેક કરી, ૧૬ કિ.ગ્રામ અખાદ્ય સામગ્રીનો નાશ કરવામાં આવેલ. ન્યુસન્સ કરતા ૪૨ ઈસમો પાસેથી રૂા. ૨૧,૨૦૦/– વહીવટી પરચૂરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ તેમજ તમામ સંસ્થા / ઈસમને તેઓની દુકાનમાં ડસ્ટબીન રાખવા માટે અને તેનો નિકાલ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની ગાડીમાં જ કરવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ હતુ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 1246

૧૨૪૭

# <u>પ્રેસનોટ</u>

**<u>સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ દ્વારા ' મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન' સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–</u>**

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીયરીંગ વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન સંલગ્ન અલથાણ વોર્ડ અંતર્ગત આવેલ

– આઝાદનગર/રસુલાબાદ–આઝાદનગર રીક્ષા સ્ટેન્ડ પાસેથી પાળા સુધી રોડની બંને તરફનો ભાગ અને ગલીઓ બાજુ
– ઈન્દિરાનગર અનેીયન આવાસનો વિસ્તાર–ઈન્દિરાનગર આંગણવાડીથીીયન આવાસ સુધી
– ગોકુલનગર–ભટાર ટ્રાન્સફર સ્ટેશનથી ગોકુલનગર ખાડી સુધી
– ગોકુલનગર ખાડી વિસ્તાર–રસુલાબાદ પાળા પાસેથી ખાડીનો સમગ્ર વિસ્તાર
– સોમનાથ સોસા./તડકેશ્વર મહોલ્લો/મહાદેવનગર–ક્રિષ્ણાડેરી, વિશ્વકર્મા મંદિર પાસે ભેગા થઈ સમગ્ર વિસ્તાર

સફાઈ ઝુંબેશ તા.૦૫/૧૦/૧૬ના રોજ કરવામાં આવેલ જે અન્વયે ૨૭ સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૭૮ સફાઈ કામદારો, ૧૧ લોકસેવા બેલદાર, ડ્રેનેજ વિભાગના ૦૫ બેલદારો દ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. સદર વિસ્તારોમાંથી ૨૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ તેમજ લારી–ગલ્લાનું દબાણ દૂર કરવામા આવેલ. તેજમ ધનિષ્ઠ સ્ક્રેપીગ/બ્રશીગ તથા પેચ વર્ક કરવામાં આવેલ છે. સદર સફાઈ ઝુંબેશમાં ૫૪ ઈસમો પાસેથી રૂા. ૧૬,૩૦૦/– વહીવટી વસૂલાત કરવામાં આવેલ. પ્લાસ્ટિક જપ્ત : ૩.૦૦૦ ક્રિ.ગ્રા. જપ્ત કરવામાં આવેલ.

આકારણી વિભાગ દ્વારા સ્થળ પર જ રૂા. ૫૪,૨૮૩/– વેરા વસૂલાત કરવામાં આવેલ છે. ગુમાસ્તા વિભાગ દ્વારા ૨૨ સંસ્થા પાસે રૂા. ૨૧,૭૦૦/– પ્રો.ટેક્ષ વસુલવામાં આવેલ તેમજ ૦૬ નોટીસ પાઠવવામાં આવેલ છે.

૧૨૪૮

# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૫/૧૦/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) મોજે–પાંડેસરા, ગુજરાત હાઉસીગ બોર્ડ, પ્લોટ નં. ૧૬૯, જલારામ નગર ખાતે ૫૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) મોજે–ઉધના , ઉદ્યોગનગર સંઘ, રોડ નં.૯, પ્લોટ નં. એ–૧૨૨, ઉધના ખાતે ૩૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ, ૧૦૦ ચો.ફુટ શટરીંગ અને સેન્ટરીંગનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૨૪૯

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૫.૧૦.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૭** ફાઈલના **રૂા.૦.૧૮ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૧૬** લોકેશન (ખાડા) **૬૬૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૨** લોકેશન, **૧૫૧૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**.**, તથા સાઉથ ઝોન (ઉધના) મોજે–પાંડેસરા, ગુજરાત હાઉસીગ બોર્ડ, પ્લોટ નં. ૧૬૯, જલારામ નગર ખાતે ૫૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા સાઉથ ઝોન (ઉધના) મોજે–ઉધના , ઉદ્યોગનગર સંઘ, રોડ નં.૯, પ્લોટ નં. એ–૧૨૨, ઉધના ખાતે ૩૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ, ૧૦૦ ચો.ફુટ શટરીંગ અને સેન્ટરીગનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.** ૦/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ ૦ છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૦** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૭૨.૮૯** લાખ થયેલ છે., **૧૮** EC તથા **૦૭** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૩૨૫/**– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૩૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**.**, **૧૯** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૩** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૩** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૯.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૨** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૦/**– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૪૨૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૩૪૩૭** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ ૮૦ છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૯૧** કરવામાં આવેલ છે. જયારે **૪૯** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫,૨૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

૧૨૫૦

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૪/૧૦/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૨૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ, તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૭૬૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૩૮૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૩૩૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૬૦૭ કરદાતાઓ પાસેથી રૂા.૧,૮૦,૩૧,૪૯૧/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૧૫ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૭૦ એન્ટ્રીમાં રૂા.૧,૫૩,૬૨૫/– અને આર.સી.ની ૪૫ એન્ટ્રીમાં રૂા.૧,૬૪,૭૫૬/– મળી કુલ રૂા.૩,૧૮,૩૮૧/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૨૦૦/– રીન્યુઅલની ૧૩ એન્ટ્રીમાં રૂા.૭૪૦/– અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૨૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૬ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

દબાણ ખાતા દ્વારા દરબારનગર પાસે આંગણવાડીના પ્લોટમાંથી દબાણ હટાવી ખુલ્લી લારી–૧, બંધ લારી–૧ તથા કેબીન–૧ જપ્ત કરવામાં આવેલ છે.

૧૨૫૧

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૫/૦૯/૧૬ થી તા.૦૨/૧૦/૧૬ ના રોજ **"સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહ"** દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૨૭/૦૯/૧૬ના રોજ શહેના મુખ્ય ર્માગો જાહેર સ્થળો, બગીચા, સર્કલ,શાક માર્કેટ તેમજ ખાણીપીણીના બજારોની સામુહીક સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ હતું.

જે અંતર્ગત તા.૨૭/૦૯/૧૬ના રોજ ઝોન વિસ્તારમાં આવેલ મુખ્ય ર્માગો જાહેર સ્થળો, બગીચા, સર્કલ, શાક માર્કેટ તેમજ ખાણીપીણીના બજારો પૈકીના નીચે જણાવેલ સ્થળોએ ધનિષ્ઠ સફાઈ કામગીરી કર્યા બાદ જંતુનાશક પાવડરનો છંટકાવ કરવામાં આવ્યો.

| મુખ્ય માર્ગોની સંખ્યા | જાહેર સ્થળો/બગીચા | સર્કલો | શાક માર્કેટ | ખાણીપીણી ની બજાર | નાગરીકોની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો મે.ટન | જતુંનાશક પાવડર કી.ગ્રા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 34 | 37 | 35 | 14 | 15 | 256 | 71 | 437 | 4.745 | 452 |

વધુમાં ઉપરોકત સ્થળોની આજુબાજુના રહીસો તથા ઝુંબેશમાં હાજર રહેલ નાગરીકોને સ્વચ્છતા અને આરોગ્યલક્ષી શિક્ષણની સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૨૫૨

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૫/૦૯/૧૬ થી તા.૦૨/૧૦/૧૬ ના રોજ **"સ્વચ્છતા અને સામાજિક સપમરસતા સપ્તાહ"** દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૨૮/૦૯/૧૬ના રોજ નાગરીકોના સહયોગથી શાળાઓ તથા કોલેજમાં વક્તૃત્વ સ્પર્ધા, ચિત્રકામ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, કિવઝ સ્પર્ધાઓનું આયોજન કરવા જણાવેલ હતું.

જે અંતર્ગત તા.૨૮/૦૯/૧૬ના રોજ ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમીક/પ્રાઈવેટ શાળા/કોલેજોમાં પૈકીની શાળા/કોલેજોમાં નીચે મુજબનું સ્પધાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

| પ્રાથમીક/પ્રાઈવેટ શાળાની સંખ્યા | કોલેજની સંખ્યા | વક્તૃત્વ/ ચિત્રકામ/ રંગોળી/ નિબંધ તથા કિવઝ સ્પધા | ભાગ લીધેલ સંખ્યા | | સુપરવાઈઝર |
|---|---|---|---|---|---|
| | | | શિક્ષક | વિધાર્થી | |
| 11 | 3 | 9 | 35 | 290 | 16 |

વધુમાં ઉપરોકત સ્પર્ધામાં ભાગ લીધેલ શાળા/કોલેજોના શિક્ષકો/વિધાર્થીઓને સ્પર્ધા બાદ સ્વચ્છતા અને આરોગ્યલક્ષી શિક્ષણની સમજ પણ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૨૫૩

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૫/૦૯/૧૬ થી તા.૦૨/૧૦/૧૬ ના રોજ **"સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહ"** દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૨૯/૦૯/૧૬ના રોજ નાગરીકોના સહયોગથી ધન કચરાનું એકત્રીકરણ, વર્ગીકરણ અને ટેકનોલોજીના કાર્યક્રમો જેવા કે વોર્ડ વાઈઝ મિટીંગ, શેરી નાટક, કઠપુટણીનો ખેલ, ભવાઈ ખેલનું આયોજન કરવા જણાવેલ હતું.

જે અંતર્ગત તા.૨૯/૦૯/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં નાગરીકોના સહયોગથી ધન કચરાનું એકત્રીકરણ, વર્ગીકરણ અને ટેકનોલોજીના કાર્યક્રમો જેવા કે વોર્ડ વાઈઝ મિટીંગ, શેરી નાટક, કઠપુટણીનો ખેલ, ભવાઈ ખેલના કાર્યક્રમોનું આયોજન જુદા–જુદા વિસ્તારમાં કરવામાં આવ્યુ હતું.

| ધન કચરાનું એકત્રીકરણ, વર્ગીકરણ અને ટેકનોલોજીના કાર્યક્રમ | | | | હાજર રહેલની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|
| વોર્ડ વાઈઝ મિટીંગ | શેરી નાટક | કઠપુતળીનો ખેલ | ભવાઈ ખેલ | સુપરવાઈઝર | મ્યુ. સભ્ય/મહાનુભવો | નાગરીકો |
| 11 | 7 | 9 | 3 | 38 | 82 | 1966 |

વધુમાં ઉપરોકત કાર્યક્રમોમાં ભાગ લીધેલ મ્યુ. સભ્ય/મહાનુભવોએ નાગરીકોને ધન કચરાનું એકત્રીકરણ, વર્ગીકરણ અને ટેકનોલોજી બાબતે જરૂરી માર્ગદર્શન અને સમજ પણ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૨૫૪

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૫/૦૯/૧૬ થી તા.૦૨/૧૦/૧૬ના રોજ **"સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહ"** દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૩૦/૦૯/૧૬ના રોજ ઉકરડા, કચરાના ઢગલા, ઝાડી–ઝાંખરા, ગાંડા બાવળ, ડેબ્રીઝ વિગેરે દુર કરવાની કામગીરીનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૩૦/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા આવેલ ઉકરડા, ક્ચરાના ઢગલા, ઝાડી–ઝાંખરા, ગાંડા બાવળ, ડેબ્રીઝ દુર કરી ધનિષ્ઠ સફાઈ કામગીરી કર્યા બાદ જંતુનાશક પાવડરનો છંટકાવ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

| ઉકરડા, કચરાના ઢગલાની સંખ્યા | ઝાડી– ઝાંખરા, ગાંડા બાવળની સંખ્યા | ડેબ્રીઝની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | જંતુનાશક દવા (કિ.ગ્રા.) | નિકાલ કરેલ કચરો(મે.ટન) |
|---|---|---|---|---|---|---|
| 159 | 101 | 25 | 49 | 209 | 414 | 4.119 |

વધુમા આજુબાજુના રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૨૫૫

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૫/૦૯/૧૬ થી તા.૦૨/૧૦/૧૬ ના રોજ **"સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહ"** દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૦૧/૧૦/૧૬ના રોજ પાણીના સ્ત્રોત, પાણીની ટાંકીઓ, અંડરગ્રાઉન્ડ સંપ, જાહેર પાણીના સ્ટેન્ડ, આજુબાજુની જગ્યાઓની સફાઈ, લીકેજ શોધવાની ઝુંબેશ અને રીપેરીંગ, જાહેરમાં છોડાતું ગંદુ પાણી અટકાવવાની તથા ખુલ્લા નળ દ્વારા પાણીના બગાડને અટકાવવાની ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ હતું.

જે અંતર્ગત તા.૦૧/૧૦/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં પાણીના સ્ત્રોત જેવા કે ટાંકીઓ, અંડરગ્રાઉન્ડ સંપ, જાહેર પાણીના સ્ટેન્ડપોસ્ટ, લીકેજ, રીપેરીંગ, જાહેરમાં વહેતું ગંદુ પાણી અટકાવવાની ઝુંબેશ તથા આજુબાજુની જગ્યાઓમાં ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવાની કામગીરી કરવામાં આવેલ હતી.

| સફાઈ કરવામાં આવેલ પાણીના સ્ત્રોત | | | લીકેજની સંખ્યા | લીકેજ રીપેરીંગ | જાહેરમાં વહેતું ગંદુ પાણી બંધ કર્યાની સંખ્યા | જાહેરમાં ખુલ્લા નળ દ્વારા પાણીના બગાડને અટકાવવાની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| પાણીની ટાંકી | અંદર ગ્રાઉન્ડ સંપ | પાણીના સ્ટેન્ડપોસ્ટ | | | | |
| 29 | 22 | 33 | 5 | 5 | 12 | 15 |

વધુમાં ઉપરોકત કાર્યક્રમ દરમિયાન જાહેરમાં વહેતું ગંદુ પાણી વહેવડાવવા બદલ તેમજ ખુલ્લા નળ દ્વારા પાણીના બગાડ કરવા બદલ ૨૭ ઈસમોને નોટીસ પાઠવવામાં આવેલ તેમજ આજુબાજના રહીશોને આરોગ્યલક્ષી શીક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૨૫૬

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી ''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૫/૦૯/૧૬ થી તા.૦૨/૧૦/૧૬ના રોજ **''સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહ''** દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૦૨/૧૦/૧૬ના રોજ શહેરોમાં આવેલી નદીના કાંઠાઓની/રીવરફ્રંટની સાફ સફાઈની કાર્યવાહી હાથ ધરવી/શહેરના તળાવો/વાવોના કિનારાઓની સાફ સફાઈની કાર્યક્રમ તેમજ શહેરને હરીયાળુ બનાવવા અને પર્યાવરણની જાળવણી માટેના કાર્યક્રમો કરવા જેવા કે વૃક્ષો ઉછેરવા, વૃક્ષોને રક્ષણ આપવું, વૃક્ષોને સુંદર લાગે તે રીતે વ્યવસ્થિત કરવા, ગેરૂ ચુનો કરવાની કામગીરીનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૦૨/૧૦/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા આવેલ નદીના કાંઠાઓની/રીવરફ્રંટ/તળાવો/વાવોના કિનારાઓની સાફ સફાઈ કરાવી તેમજ શહેરને હરીયાળુ બનાવવા અને પર્યાવરણની જાળવણી માટે વૃક્ષો રોપવા/ઉછેરવા/રક્ષણ માટે ટ્રી ગાર્ડ લગાવવાની તેમજ આપવું, વૃક્ષોના સુશોભન માટે ટ્રીમીંગ કરી ગેરૂ ચુનો કરી ઘનિષ્ઠ સફાઈ બાદ જંતુનાશક પાવડરનો છંટકાવ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

| શહેરને હરીયાળુ બનાવવા અને પર્યાવરણની જાળવણી માટે | | | | | | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | જંતુનાશક દવા (કિ.ગ્રા.) | નિકાલ કરેલ કચરો (મે.ટન) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નદીના કાંઠાઓ/ રીવરફ્રંટની સંખ્યા | તળાવો/વાવોના કિનારાઓની સંખ્યા | નવા વૃક્ષો રોપ્યાની સંખ્યા | વૃક્ષોના રક્ષણ માટે ટ્રીગાર્ડની સંખ્યા | વૃક્ષોના સુશોભન માટે ટ્રીમીંગ કર્યાની સંખ્યા | ગેરૂ ચુનોની સંખ્યા | | | | |
| 27 | 12 | 180 | 75 | 333 | 333 | 15 | 90 | 200 | 1.700 |

વધુમા નદીના કાંઠાઓ/તળાવો/વાવોની આજુબાજુના રહીશોને સ્વચ્છતા રાખવા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૨૫૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારતસરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

"સ્વચ્છ ભારત અભિયાન "દરમ્યાનના પ્રોગ્રામ અન્વયેતા.૧/૧૦/૧૬ના રોજ નકકી કરવામાં આવેલ સ્લમ વિસ્તારમાં મહાસફાઈ અભિયાનની ઝુંબેશન તથા ડ્રાય ડે(વાહક જન્ય રોગ નિયંત્રણ) નું આયોજન કરવા જણાવેલ છે.

"સ્વચ્છ અને સ્વચ્થ ભારત" અંતર્ગત તા.૧/૧૦/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા સ્લમ વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા સંયુકત ટીમો બનાવી મચ્છર જન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરી ડોમેસ્ટીકની આવેલ સયુંકત ટીમો બનાવી ધનિષ્ઠ સફાઈ કામગીરી બાદ જંતુનાશક પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ.

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઇસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 47974 | 99060 | 448 | 10456 | 1773 | 1805 | 148 | 52000 | 72 | 37169 | 17222 |

વધુમા પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે ઢકાંવાની કાર્યવાહી કરાવવામાં આવેલ હતી તેમજ રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

१२५८

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં રૂટ ઉપરથી દબાણ દૂર કર્યાની અખબારી યાદી :–</u>

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આજ રોજ તા.૦૫/૧૦/૨૦૧૬ ના રોજ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર પૈકી કુલ્લે–૧૨ ઝીરો દબાણ રૂટ જેવા કે, લાલ દરવાજા થી આયુર્વેદીક કોલેજ સુધી, સ્ટેશન વિસ્તાર અને સુફી બાગ અને અલંકાર સિનેમા વિસ્તાર, ભાગળ થી ચોક અને નાનપુરા સુધીનો રાજમાર્ગ, ભાગળ ચાર રસ્તાથી ગલેમંડી મેઈન રોડ દિલ્હીગેટ સુધી, દિલ્હીગેટ થી ઉનાપાણી રોડ થઈ લાલ દરવાજા સુધી, ભાગળ ચાર રસ્તાથી કાંસકીવાડ, દિલ્હીગેટ થી ઉધના દરવાજા, ઉધના દરવાજા થી પુતલી સુધી, કોમ્યુનીટી હોલથી રૂપમ ટોકીઝ થઈ રૂસ્તમપુરા વોર્ડ ઓફિસ સુધી, ચોક બજાર ચાર રસ્તાથી ફુરજા પોલીસ ચોકી થઈ સુરત મહાનગરપાલિકા કચેરી થઈ હોડી બંગલા થી વેડ દરવાજા તેમજ કતારગામ દરવાજા સુધી, અઠવાગેટ થી ચોક ચાર રસ્તા, ઉધના દરવાજા થી અઠવાગેટ વિગેરે રૂટો ઉપર જાહેર રસ્તા પર દુકાનદારો તેમજ લારી ગલ્લાવાળા તથા ફેરિયાઓ દ્વારા લાગુ રસ્તા તથા દુકાનોની બહાર માલ સામાન મૂકી દબાણ કરવામાં આવે છે, જેના કારણે ટ્રાફીકની ઘણી સમસ્યા ઉભી થાય છે.

ઉપરોકત કામગીરી દરમ્યાન સેન્ટ્રલ ઝોનનાં ડે.ઈજનેર–૦૩, જુની./આસી.ઈજનેર–૧૨, સુપરવાઈઝર–૦૫, ટેક.આસી.–૦૪, બેલદાર/દબાણ વિભાગનો સ્ટાફ–૩૫, સુરત મહાનગરપાલીકાના વોચ એન્ડ વોર્ડ વિભાગના તાલીમાર્થી માર્શલ લીડર–૦૮, ટ્રક/મઝદા–૦૮ મળી **કુલ–૭૫ સ્ટાફના** સહયોગથી દબાણ ઝુંબેશ હાથ ધરી ઉપરોકત વિસ્તાર ખાતે લાગુ રસ્તા ઉપર દબાણકર્તાઓ ધ્વારા માલ–સામાન મૂકી કરવામાં આવેલ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદરહુ કામગીરી દરમ્યાન નીચે મુજબનો સામાન તેમજ વહીવટી ચાર્જ પેટે કુલ્લે રૂા.૮૧,૦૦૦/– જમા લેવામાં આવેલ છે.

૧. ખુલ્લી લારી–૨૮
૨.કાઉન્ટર–૧૮
૩. લાકડાંના ટેબલ–૦૩
૪. લોખંડના ટેબલ–૦૩
૫. પ્લાસ્ટીકના ટેબલ–૦૨
૬. ખુરશી, સ્ટેચ્યુ અને અન્ય –૬૦
૭. બેનર–૦૮
૮. કાપડના તાકાં–૧૮૧૮

૧૨૫૯

# પ્રેસનોટ

## '' સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૪(ડુંભાલ–મગોબ) માં ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન ''

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં સમાવિષ્ટ મંજુર ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૪(ડુંભાલ–મગોબ) ના ફા.પ્લોટ નં.૩૩ માં આવેલ જયભવાની ઈન્ડ. માં સબ પ્લોટ નં.૨૩૬,૨૩૭,૨૩૮ નાં મિલ્કતદારો / કબ્જેદારો દ્વારા ગ્રાઉન્ડ ફલોર ત્ર બે માળની મિલ્કત ઉપર ત્રીજો માળ બાંધવાનું ચાલું કરવામાં આવેલ. સદર બાંધકામને ઝોન કચેરી દ્વારા વારંવાર અટકાવવામાં આવેલ. પરંતુ મિલ્કતદારો / કબ્જેદારો દ્વારા સુરત મહાનગરપાલિકાની સુચના અવગણીને બાંધકામ ચાલુ રાખવામાં આવેલ. જે સામે ઝોન કચેરીનાં શહેર વિકાસ વિભાગ દ્વારા આજ તા.૦૬/૧૦/૨૦૧૬ નાં રોજ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અન્વયે ત્રીજા માળનું આશરે ૧૦૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ અને ચણતરકામનું ડિમોલીશન કરવામાં આવેલ. તથા મિલ્કતદાર / કબ્જેદાર પાસેથી રૂા.૭૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલવામાં આવેલ.

ઉપરોકત કામગીરીમાં લિંબાયત ઝોનનાં ડે.ઈજનેરો, આસી.ઈજનેરો, દબાણ ખાતાનાં સુપરવાઈઝર અને ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૧૦ બેલદારો અને ખાનગી એજન્સીના ૨૦ માણસોની ટીમ રોકાયેલ. અને કામગીરી સુપેરે પાર પાડવામાં આવેલ.

૧૨૬૦

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા. ૦૬/૧૦/૨૦૧૬

## પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં અનઅધિકૃત દબાણો તથા ઉભા થયેલ માર્કેટ સામે ઘનિષ્ઠ કામગીરી.

(૧) સુરત શહેરમાં ખાસ કરીને વરાછા વિસ્તારમાં રસ્તા/ ફુટપાથના ભાગે થતા લારી ગલ્લા/ પાથરણાંના અનઅધિકૃત દબાણોને લઈ ટ્રાફિક પરિવહન ની ગંભીર સમસ્યાઓ સર્જાય છે. જો કે સુરત મહાનગરપાલિકા તરફેથી અવિરત આવા દબાણોને દુર કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. આ કાર્યવાહીના ભાગરૂપે ઉચ્ચ અધિકારીક સૂચનાથી ઝુંબેશ કરી વૈશાલી હેલ્થ સેન્ટર, સરદાર માર્કેટ, એ.કે. રોડ, વલ્લભાચાર્ય રોડ, સવજી કોરાટ બ્રીજ જંકશન, દિનદયાળનગર તથા વરાછા મેઈન રોડ/ફૂટપાથ પરના અનઅધિકૃત ૯૫ જેટલા લારી ગલ્લાના દબાણો તથા ઉચ્ચઅધિકારીક ખાસ સૂચના મુજબ ૫૦ નંગ બોર્ડ બેનર તથા ૧૨ નંગ કમાન જપ્ત કરવામાં આવેલ.

(૨) ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) માં સ્પીનીંગ મીલ, મમતા પાર્ક ની પાછળ આવેલ દિનદયાળનગર વસાહતના રહેવાસીઓ તરફેથી મુખ્ય રોડ ને લાગુ તેઓને ફાળવેલ પ્લોટો /મકાનોમાં મચ્છી, ઈંડા, મટન તથા અન્ય ખાદ્યપ્રદાર્થોનું સુરૂચિ ભંગ કરતું, પરવાનગી વગરનું વેચાણ કરતા હોય, તેની સામે આરોગ્ય વિભાગ તથા શહેર વિકાસ વિભાગ અને દબાણ વિભાગ તરફથી ઘનિષ્ઠ કાર્યવાહી કરી સંધ્યાકાળે આવા ધંધાકીય એકમો બંધ કરાવી સ્થળ પરથી લાકડાના કટ્ટા – ૦૭ નંગ, છરા – ૦૫ નંગ, માછલી–૧૦ કિલો, મટન– ૧૦ કિલો, કાઉન્ટર – ૦૧ નંગ, કેરેટ –૧૦ નંગ તથા બરફના થર્મોકોલ કેરેટ– ૧૦ નંગ જપ્ત કરી દંડ પેટે રૂ.૨૩૦૦/– વસુલવામાં આવેલ. વધુમાં આગામી દિવસોમાં આ કામગીરી વધુ ઘનિષ્ઠ રીતે કરવામાં આવશે.

૧૨૬૧

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૫/૧૦/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૫૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ, તેમજ વહીવટી ચાર્જ પેટે રૂ.૧૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૧૯૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૬૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૦૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂ.૩૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૧૧ કરદાતાઓ પાસેથી રૂ.૪૨,૯૭,૪૬૪/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૨૫ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૪૬ એન્ટ્રીમાં રૂ.૧,૦૩,૯૭૨/– અને આર.સી.ની ૭૯ એન્ટ્રીમાં રૂ.૫,૨૫,૮૯૩/– મળી કુલ રૂ.૬,૨૯,૮૬૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂ.૨૦૦/– રીન્યુઅલની ૦૮ એન્ટ્રીમાં રૂ.૪૪૦/– અને દંડની રકમની ૦૫ એન્ટ્રીમાં રૂ.૧૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૮ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

દબાણ ખાતા દ્વારા "૦" રોડ : સીંગણપોર ચાર રસ્તાથી દબાણ હટાવી ખુલ્લી લારી–૨૩, બંધ લારી–૯ તથા કેબીન–૭ જપ્ત કરવામાં આવેલ છે.

૧૨૬૨

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૫/૧૦/૧૬ના રોજ દરેક ઝોનમા નવરાત્રી ગ્રાઉન્ડની આજુબાજુ મહાસફાઈ અભિયાન, સ્વચ્છ નવરાત્રી ગ્રાઉન્ડ તથા સ્વચ્છ નવરાત્રી શેરી માટે સ્વચ્છતા અંગેની હરીફાઈ તથા તે અંગેનું ગ્રેડીગની કામગીરી નું આયોજન કરવા જણાવેલ છે.

"સ્વચ્છ અને સ્વચ્થ ભારત" અંતર્ગત તા.૦૫/૧૦/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા આવેલ નવરાત્રી ગ્રાઉન્ડની આજુબાજુ મહાસફાઈ અભિયાન, તથા સ્વચ્છ નવરાત્રી શેરી માટે સ્વચ્છતા અંગેની હરીફાઈ તથા તે અંગેના ગ્રેડીગની કામગીરી સંયુકત ટીમો બનાવી ઘનિષ્ઠ સફાઈ કામગીરી બાદ જંતુનાશક પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ.

| નવરાત્રી ગ્રાઉન્ડ | શેરી | નોટીસ | ઈસમ | વહીવટી ખર્ચ | સુપરવાઈઝર | કામદાર | જંતુનાશક પાઉડર(કિ.ગ્રા) | કચરો (મે.ટન) |
|---|---|---|---|---|---|---|---|---|
| 25 | 62 | 29 | 17 | 3800 | 33 | 143 | 330 | 0.305 |

વધુમા રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૨૬૩

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૬/૧૦/૧૬ના રોજ દરેક ઝોનમાં બાગબગીચા તેમજ સર્કલની આજુબાજુ મહાસફાઈ અભિયાન તથા સ્વચ્છતા અંગેની કામગીરીનું આયોજન કરવા જણાવેલ છે.

"સ્વચ્છ અને સ્વચ્થ ભારત" અંતર્ગત તા.૦૬/૧૦/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા આવેલ બાગબગીચા તેમજ સર્કલની આજુબાજુ મહાસફાઈ અભિયાન હાથ ધરી તેમજ સંયુકત ટીમો બનાવી ઘનિષ્ઠ સફાઈ કામગીરી બાદ જંતુનાશક પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ.

| બાગબગીચા | સર્કલ | નોટીસ | ઈસમ | વહીવટી ખર્ચ | સુપરવાઈઝર | કામદાર | જંતુનાશક પાઉડર (કિ.ગ્રા) | કચરો ( મે.ટન) |
|---|---|---|---|---|---|---|---|---|
| 25 | 37 | 32 | 22 | 9000 | 50 | 173 | 380 | 1.468 |

વધુમા રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૪/૧૦/૧૬ના રોજ દરેક ઝોનમાં આવેલ રેલ્વે સ્ટેશન તથા બસ સ્ટેશનની આજુબાજદરેક ઝોનમાં કરવામાં આવેલ માર્કેટ–મોલની આજુબાજુ મહાસફાઈ અભિયાન કરવાની કામગીરીનું આયોજન કરવા જણાવેલ છે.

"સ્વચ્છ અને સ્વચ્થ ભારત" અંતર્ગત તા.૦૪/૧૦/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા આવેલ રેલ્વે સ્ટેશન તથા બસ સ્ટેશનની આજુબાજુ મહાસફાઈ અભિયાન તથા સ્વચ્છતા અંગેની જનજાગૃતી લાવવા, તથા સંયુકત ટીમો બનાવી ધનિષ્ઠ સફાઈ કામગીરી બાદ જંતુનાશક પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ.

| રેલ્વે સ્ટેશન | બસ સ્ટેશન | નોટીસ | ઈસમ | વહીવટી ખર્ચ | સુપરવાઈઝર | કામદાર | જંતુનાશક પાઉડર(કિ.ગ્રા) | કચરો ( મે.ટન) |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 23 | 511 | 2703 | 31 | 77 | 349 | 5.497 |

વધુમા રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૨૬૫

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૩/૧૦/૧૬ના રોજ નકકી કરવામાં આવેલ દરેક ઝોનમાં કરવામાં આવેલ માકેટ–મોલની આજુબાજુ મહાસફાઈ અભિયાન તેમજ નવરાત્રી આયોજનના સ્થળોની આજુબાજુની સફાઈ તથા સ્વચ્છતા અંગેની જનજાગૃતી માટે બેનર–પોસ્ટર પ્રસિધધ કરવાની કામગીરીનું આયોજન કરવા જણાવેલ છે.

"સ્વચ્છ અને સ્વચ્થ ભારત" અંતર્ગત તા.૩/૧૦/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા આવેલ માકેટ–મોલની આજુબાજુ મહાસફાઈ અભિયાન તેમજ નવરાત્રી આયોજનના સ્થળોની આજુબાજુની સફાઈ તથા સ્વચ્છતા અંગેની જનજાગૃતી માટે બેનર–પોસ્ટર પ્રસિધધ કરવાનુ અભિયાન હાથ ધરી તેમજ સંયુકત ટીમો બનાવી ધનિષ્ઠ સફાઈ કામગીરી બાદ જંતુનાશક પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ.

| બેનર–પોસ્ટર | માર્કેટ–મોલ | નવરાત્રી આયોજન | મંદીર | નોટીસ | ઈસમ | વહીવટી ખચ | સુપરવાઈઝર | કામદાર | જંતુનાશક પાઉડર (કિ.ગ્રા) | કચરો (મે.ટન) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 250 | 22 | 45 | 28 | 19 | 13 | 3000 | 40 | 143 | 1148 | 5.138 |

વધુમા રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૨૬૬

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૬.૧૦.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩ ફાઈલના **રૂા.૦.૩૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૪ લોકેશન (ખાડા) ૧૩૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ ૯.૪૩ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૨** લોકેશન (ખાડા) **૪૨૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન, **૧૬૧૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**.,** તથા સાઉથ ઝોન (ઉધના)માં બમરોલી ૧૨૦ ફુટ રોડ પર સોસિયો સર્કલથી પિયુષ પોઈન્ટ સુધીના રસ્તાની બંને બાજુથી ૧૩ લારી–ગલ્લાં અને ૫ સ્ટેન્ડ નું દબાણ દુર કરવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.** ૦/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૭૨** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૮૫** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૮૭.૭૮** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૨૧** લાખ થયેલ છે., **૧૧** EC તથા ૦૮ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૪૮૬/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૯૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** ૩૪ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૨૧.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૮** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૫૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૧૧૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૬૨૦૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ ૯૬ છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૮૫** કરવામાં આવેલ છે. જયારે **૩૭** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૩,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૨૬૭

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૬/૧૦/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૧૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ, તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૫૩૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૩૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૨૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૩૬ કરદાતાઓ પાસેથી રૂા.૪૮,૭૫,૪૮૫/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૬૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૩ એન્ટ્રીમાં રૂા.૬૬,૪૭૬/– અને આર.સી.ની ૩૯ એન્ટ્રીમાં રૂા.૩,૬૭,૪૧૮/– મળી કુલ રૂા.૪,૩૩,૮૯૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૨૦/– રીન્યુઅલની ૦૨ એન્ટ્રીમાં રૂા.૧૨૦/– અને દંડની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા.૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૬ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૩૬,૨૮૧/–, પ્રિમીયમ ફી રૂા.૯૭,૦૦૦/–, મંડપ ચાર્જના રૂા.૧,૨૯૮/–, દબાણ ચાર્જના રૂા.૨,૩૫૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૨,૧૦૦/– મળી કુલ રૂા.૨,૩૯,૦૨૯/– ની વસુલાત કરવામાં આવેલ છે.

દબાણ ખાતા દ્વારા "O" રોડ : વેડ દરવાજા થી પંડોળ સુધી બોર્ડ બેનર ઉપારવાની કામગીરી તથા લારી–ગલ્લાનું દબાણ હટાવી બંધ લારી–૨ તથા કાઉન્ટર–૧ જપ્ત કરવામાં આવેલ છે.

૧૨૬૮

# <u>પ્રે સ નો ટ</u>

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્યઅધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૬/૧૦/૨૦૧૬ અને તા.૦૭/૧૦/૨૦૧૬ નાં રોજ અત્રેનાં ફુડ સેફટીઓફિસરોએ નીચે જણાવેલ સંસ્થાઓનું ચેકીગ કરી, દુધના માવાના સેમ્પલો લીધેલ છે. જેને પૃથ્થકરણ સારૂ આર.એફ.એલ. ભુજ અને રાજકોટ મોકલી આપવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામુ | લીધેલ નમુનાની વિગત |
|---|---|---|---|
| ૧ | ઉદયભાઈ કેવળભાઈ પટેલ | વાડીનાથ ચોક પાસે, વેડ રોડ,સુરત. | મીઠો માવો |
| ૨ | સુરજ માવા ભંડાર | સુમુલ ડેરી રોડ,સુરત. | દુધનો માવો |
| ૩ | કિષ્ણા માવા ભંડાર | સુમુલ ડેરી રોડ, સુરત. | દુધનો માવો |
| ૪ | જય માં દુર્ગા સ્વીટ એન્ડ ડેરી | બમરોલી રોડ, પાંડેસરા,સુરત. | દુધનો માવો |
| ૫ | કાંતિભાઈ કાલરીયમ | સરથાણા જકાતનાકા,સુરત | મીઠો માવો |
| ૬ | દુર્લભભાઈ છગનલાલ માવાવલા | બરાનપુરી ભાગળ | દુધનો માવો<br>દુધનો માવો |
| ૭ | જૈન માવા ભંડાર | પીરછડી રોડ,સુરત. | દુધનો માવો<br>દુધનો માવો |
| ૮ | શ્રી કૃષ્ણ માવા ભંડાર | વાડી ફળીયા,સુરત. | દુધનો માવો<br>દુધનો માવો |
| ૯ | જય ભોલે માવાવાળા | રૂધનાથ પુરા,સુરત. | દુધનો માવો<br>દુધનો માવો |
| ૧૦ | શંકર માવા ભંડાર | વાડી ફળીયા,સુરત. | દુધનો માવો<br>દુધનો માવો |
| ૧૧ | શ્રી કિષ્ણા ડેરી | ભગુનગર ,વરાછા,સુરત. | દુધનો માવો<br>દુધનો માવો |
| ૧૨ | દુર્લભજી માવાવાલા | ભાજીવાળી પોળ, ભાગળ,સુરત. | દુધનો માવો<br>દુધનો માવો |
| ૧૩ | બંસી માવા ભંડાર | અંબાજી રોડ,સુરત. | દુધનો માવો<br>દુધનો માવો |
| ૧૪ | મે.શંકરલાલ માવાવાળા | હરીપુરા, સુરત. | દુધનો માવો<br>દુધનો માવો |
| ૧૫ | મે. શ્રી નાથજી ચુનીલાલ | બરાન પુરી ભાગળ,સુરત. | દુધનો માવો<br>દુધનો માવો |

તેમજ આશરે કુલ ૧૬૪ કિલોનો દુધના માવાનો નાશ કરાવેલ છે.

૧૨૬૯

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૧/૧૦/૧૬ થી તા.૦૭/૧૦/૧૬ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૦૭૨ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૦૫ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૦૩ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૫ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૨ |

૧૨૭૦

# પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકા**

**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ**

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૩૦/૦૯/૨૦૧૬ થી તા.૦૬/૧૦/૨૦૧૬ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન(લીબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૯૦,૪૫૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૬,૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૩૯.૦૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૨૮.૮૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૮૫ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૪૬,૫૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૧૦ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૭,૪૮૦ અને ૩,૪૯૭ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૦૬,૦૮૦/– અને રૂા.૧,૨૨,૭૭૦/– રકમ મળી કુલ રકમ રૂા.૨,૨૮,૮૫૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

૧૨૭૧

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૭/૧૦/૧૬ના રોજ દરેક ઝોનમાં આવેલ નદી કિનારા, ઓવારા, તળાવો તથા કેનાલ પર મહાસફાઈ અભિયાન અંગેની કામગીરીનું આયોજન કરવા જણાવેલ છે.

"સ્વચ્છ અને સ્વચ્થ ભારત" અંતર્ગત તા.૦૭/૧૦/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા આવેલ નદી કિનારા, ઓવારા, તળાવ તથા કેનાલ પર સફાઈની કામગીરી કર્યા બાદ જંતુનાશક પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| ઓવારા | કેનાલ | તળાવ | નોટીસ | ઈસમ | વહીવટી ખર્ચ | સુપરવાઈઝર | કામદાર | જંતુનાશક પાઉડર(કિ.ગ્રા) | કચરો ( મે.ટન) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **18** | **4** | **7** | **49** | **23** | **9200** | **38** | **153** | **449** | **4.765** |

વધુમા રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૨૭૨

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત પબ્લીક હેલ્થ બાયલોઝ – ૨૦૧૬ અમલમાં આવનાર છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭/૧૦/૧૬ના રોજ પરર્ફોમીંગ આર્ટ સેન્ટર, અડાજણ ખાતે મા.મેયરશ્રી અને મા.કમિશનરશ્રીની અધ્યક્ષતામાં વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું.

જેમાં સ્ટેક હોલ્ડર જેવા કે હોટલ રેસ્ટોરેન્ટના સંચાલકો, ટેક્ષટાઈલ માર્કેટના હોદેદારો, કોમર્શીયલ કોમ્પલેક્ષ–મોલનાં સંચાલકો, ડોર ટુ ડોરનાં ઈજારદારો, હોસ્પીટલ, થીયેટરો, પાર્ટીપ્લોટ, મેરેજ હોલના સંચાલકો/પ્રતિનીધીઓ તથા મ્યુ. પદાધિકારીશ્રીઓ, મ્યુ. અધ્યક્ષશ્રીઓ, અધિકારીશ્રીઓ, આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા અન્ય કર્મચારીઓ, એસ.બી.એમ સેલ સ્ટાફને આ બાબતે અવગત કરવામાં આવેલ છે.

આ વર્કશોપમાં મા.કમિશ્નરશ્રી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી, ડે.કમિશ્નરશ્રી(હે. અને હો.), શ્રી વાસુદેવ ત્રિવેદી, રીજયોનલ ડાયરેકટર AIILSG, શ્રી એફ. ટી. કાનપુરવાલા, કન્સલટન્ટ AIILSG તથા શ્રી એમ. વી. વૈજનાપુરકર, રીટા. લીગલ એડવાઈઝર, VMC જેવા જાણકાર અને અનુભવી તજજ્ઞો દ્વારા બાયલોઝનો હેતુ તથા જરૂરીયાત, પ્રોજેકટનો સ્કોપ, બાયલોઝને અમલમાં મુકવાની પધ્ધતિ, એપ્રોચ તેમજ મેથોલોડોજી સોલીડ વેસ્ટ અને લીકવીડ વેસ્ટ મેનેજમેન્ટની સમજ, બાયોલોઝની Applicability, બાયલોઝને Interpret કરવાનો હકક, કચરાનું વર્ગીકરણ, કચરાના ઉત્પાદન કર્તાઓ, મ્યુ.ઘન કચરાનો સંગ્રહ, પ્રાયમરી કલેકશન, સેકેન્ડરી સ્ટોરેજ તથા ટ્રાન્સપોર્ટેશન, પ્રોસેસીંગ તથા અંતિમ નિકાલ, લીકવીડ વેસ્ટ મેનેજમેન્ટ, પબ્લીક હેલ્થ, ઈ–વેસ્ટ, પ્લાસ્ટીક વેસ્ટ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવેલ તેમજ બાયલોઝનો અમલ ન કરવા બદલ ગુનાઓ તથા કોપ્રોમાઈઝ ફી તેમજ વહીવટી ચાર્જ અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવેલ હતી. તેમજ કચરો ઉતપન્ન કરનારાઓએ પોતેજ પોતાના કચરાનો નિકાલ કરવાનો રહેશે તથા સુકો કચરો, ભીનો કચરો અલગ અલગ રાખવા માટે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.



## –: સમાચારયાદી :–

### "નવરાત્રિ પર્વોત્સવ ઉજવણીએ ફૂડ ફેસ્ટીવલ સાથે વૈવિધ્ય સભર સાંસ્કૃતિક કાર્યક્રમો"

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૧૦/૨૦૧૬ થી તા.૧૧/૧૦/૨૦૧૬ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે ફૂડ ફેસ્ટીવલનું આયોજન દરરોજ રાત્રે કરવામાં આવેલ છે. સુરત શહેરની સ્વાદપ્રિય તથા ઉત્સવપ્રિય જનતાને એક જ સ્થળે વિવિધ વાનગીઓના રસાસ્વાદ સાથે રાસ, ગરબા, ગુજરાતી ગીતોનો કાર્યક્રમ, રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન દરરોજ સાંજે ૭.૩૦ થી રાત્રે ૯.૩૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે.

તા.૦૭/૧૦/૨૦૧૬ના રોજ સાંજે ૭.૩૦ કલાકે આસો નવરાત્રિ મહોત્સવ આદ્યશકિતના નવ સ્વરૂપના આરાધનાનું પર્વ હોય, પ્રથમ માતાજીની આરતી સાથે શેરી ગરબા સ્પર્ધાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. શહેરના ૨૦ જેટલા વિવિધ મહિલા મંડળ, ગરબા મંડળોએ રજૂ કરેલ ગરબાને વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિ.અધિકારીશ્રીઓ તથા ઉત્સવપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાવસભર માણ્યા હતા.

શેરી ગરબા સ્પર્ધામાં વિજેતા થયેલ મંડળોને સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, મ્યુ.સભ્યશ્રીઓ, નિણાર્યકશ્રી અવનીન્દ્રાબેન દિક્ષીત અને શ્રી યામિનીબેન સુખડીયાના વરદહસ્તેરોકડ પુરસ્કાર, ટ્રોફી અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શેરી ગરબા સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| વિજેતા ક્રમ | વિજેતાનું નામ |
|---|---|
| પ્રથમ | આમ્રકુંજ ઉત્સવ સમિતિ |
| દ્વિતીય | અનાવિલ સખીવૃંદ |
| તૃતીય | રવિશંકર સંકુલ સંગીની |
| આશ્વાસન | રામપુરા મહિલા મંડળ |
| | શ્રી સુરત ઔદિત્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ મોસાળા મંડળ |
| | અનાવિલ મિત્ર મંડળ, ઘોડોદોડ રોડ |
| | અચલા શિક્ષકવૃંદ |

આ ફુડ ફેસ્ટીવલમાં વિવિધ વાનગીઓના સથવારે હવે પછી ત્રણ દિવસ દરરોજ રાત્રે ૭.૩૦ કલાકથી રાત્રે ૯.૩૦ કલાક દરમ્યાન યોજાનારા નીચે મુજબના વૈવિધ્ય સભર સાંસ્કૃતિક કાર્યક્રમોને વિનામૂલ્યે માંણવા શહેરના કલાપ્રિય શહેરીજનોને સુરત મહાનગરપાલિકા આમંત્રિત કરે છે.

### :: સાંસ્કૃતિક કાર્યક્રમોની વિગત ::

| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧ | ૦૯/૧૦/૨૦૧૬, રવિવાર | નૃત્યમ નર્તન અકાદમીનો રંગારંગ કાર્યક્રમ |
| ૨ | ૧૦/૧૦/૨૦૧૬, સોમવાર | ન.પ્રા.શિ.સમિતિની શાળાઓના ગરબા |
| ૩ | ૧૧/૧૦/૨૦૧૬, મંગળવાર | જીવન ભારતી સંગીત વિદ્યાલય ઓડિશી નૃત્યનો કાર્યક્રમ |

સમાચાર યાદી, તા.૦૮/૧૦/૨૦૧૬, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.


સુરત મહાનગરપાલિકા
આયોજીત
અને સાંસ્કૃતિક કાર્યક્રમ




સુરત મહાનગરપાલિકા